પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૫૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૯-૧૦-૨૦૨૦ સોમવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 50 PRICE :-RS. 1.50 DATE : 19-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૧૮૭૧ કેસ પોઝિટિવ નોંધાયા

## કોરોનાના કુલ કેસ ૭૫ લાખની લગોલગ, વધુ ૧,૦૩૩ના મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાની ગતિ ભલે ધીમી પડી છે પરંતુ સંક્રમિતોની સંખ્યા વધી રહી હોવાથી કુલ પોઝિટિવ દર્દીઓનો આંક ૭૫ લાખની લગોલગ પહોંચી ગયો છે. ૨૪ કલાકમાં નવા ૬૧,૮૭૧ કેસો સામે આવ્યા હોવાથી કુલ કેસ લોડ ૭૪,૯૪,૫૫૧ થયો છે. બીજીતરફ કોરોનાથી સ્વસ્થ થઈ રહેલા લોકોની કુલ સંખ્યા વધીને ૬૫,૯૭,૨૦૯ પર પહોંચતા રિકવરી રેટ ૮૮.૦૩ થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

વિતેલા ૨૪ કલાકમાં ૧,૦૩૩ લોકોએ જીવ ગુમાવ્યા હોવાથી મૃત્યુઆંક ૧,૧૪,૦૩૧ થયો છે. દેશમાં સળંગ બીજા દિવસે કોવિડ ૧૯ના સક્રિય કેસો ૮ લાખથી નીચે રહ્યા હતા. પ્રવર્તમાન સમયે ભારતમાં કોરોના સંક્રમણના કુલ સક્રિય કેસો ૭,૮૩,૩૧૧ હોવાનું કેન્દ્રીય મંત્રાલયે જણાવ્યું હતું. એક્ટિવ કેસોની ટકાવારી કુલ કેસ લોડના ૧૦.૪૫ ટકા થાય છે. કોરોનાથી મૃત્યુદર ૧.૫૨ ટકા રહ્યો છે.

૧૧ ઓક્ટોબરના રોજ દેશમાં કોરોનાના કેસોની સંખ્યા ૭૦ લાખને પાર ગઈ હતી જ્યારે એક સપ્તાહમાં કોરોનાના આશરે પાંચ લાખ નવા કેસો ઉમેરાયા છે.



આઈસીએમઆરના મતે દેશમાં અત્યાર સુધીમાં ૯,૪૨,૨૩,૧૯૦ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હતું. ૧૭ ઓક્ટોબરના રોજ કુલ ૯,૭૦,૧૭૩ સેમ્પલનું પરીક્ષણ થયું હતું. ગુરુવાર અને શુક્રવારે અમેરિકામાં ક્રમાનુસાર ૬૬,૧૩૧ અને ૭૧,૬૮૭ નવા કોરોના સંક્રમણના કેસ નોંધાયા છે. જ્યારે ભારતમાં આ દિવસોમાં દૈનિક નવા કોરોના સંક્રમણના કેસ ક્રમાનુસાર ૬૪,૨૩૭ અને ૬૨,૫૮૭ સામે

### કોરોનાના નવા કેસ મામલે ભારત બીજા નંબરે સરક્યું, અમેરિકા ફરી પહેલું બન્યું,કોરોના ટેસ્ટિંગ ૯ કરોડને પાર,રિકવરી રેટ ૮૮.૦૩% પર પહોંચ્યો,૭,૮૩,૩૧૧ એક્ટિવ કેસ, ૬૫,૯૭,૨૧૦ લોકો સાજા થયા

આવ્યા છે. ગુરુવારથી અમેરિકામાં ફરી એકવાર નવા સંક્રમણના કેસ સામે આવી રહ્યા છે. ૭૧ દિવસ પછી અમેરિકા ફરી એકવાર દૈનિક કોરોના કેસ મામલે દુનિયામાં નંબર વન પર આવી ગયું છે. આ ૭૧ દિવસ દરમિયાન ભારત આ મામલે નંબર વન રહ્યું હતું. જ્યારે ટોટલ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમેરિકા દુનિયામાં સૌથી વધુ ૮.૩ મિલિયન કેસ સાથે નંબર વન પર છે જ્યારે ભારત તેનાથી ઘણું પાછળ ૭.૫ મિલિયન કેસ સાથે બીજા નંબરે છે.

મહત્વનું છે કે જે સમયે ભારતમાં મહામારીમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે ત્યારે જ અમેરિકામાં તેનાથી વિપરિત વધારો જોવા મળી રહ્યો છે. અને જ્યારે અમેરિકામાં કોરોના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો ત્યારે ભારતમાં કેસ સતત વધી રહ્યો હતા. છેલ્લા ૨૪ કલાકમાં જે પાંચ રાજ્યોમાં સૌથી વધુ કોરોનાના પોઝિટિવ કેસો સામે આવ્યાં છે. તેમાં મહારાષ્ટ્રમાં (૧૦,૫૨૯), કેરળમાં (૯૦૧૬), કર્ણાટકમાં (૭૧૮૪), તમિલનાડુમાં (૪૨૯૫) અને પશ્ચિમ બંગાળમાં (૩૮૬૫) કેસ નોંધાયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સિવાય ઉત્તરાખંડમાં ૯૫, કર્ણાટકમાં ૭૧, પશ્ચિમ બંગાળમાં ૬૧ અને તમિલનાડુમાં ૫૭ લોકોને જીવલેણ કોરોના ભરખી ચૂક્યો છે.

## વિદ્યાર્થીઓને માસ પ્રમોશન મળવાની શક્યતા નહિવત્: સરકાર

ગાંધીનગર,

છેલ્લા બે દિવસથી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૧ થી ૮ માં માસ પ્રમોશન આપવામાં આવશે તેવા સમાચાર વહેતા થયા છે. ત્યારે આ સમાચાર અંગે શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, માસ પ્રમોશન આપવા બાબતે કોઈ બાબત હાલ રાજ્ય સરકારની વિચારણા હેઠળ નથી. તેથી જાહેર જનતાને ગેરમાર્ગે ન દોરાવા વિનંતી કરવામાં આવે છે. ધોરણ ૧ થી આઠમાં માસ પ્રમોશન અંગે હાલ કોઈ વિચારણા નથી. ત્યારે રાજ્યભરના લાખો વિદ્યાર્થીઓ માટે આ મોટા સમાચાર કહી શકાય.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાય તેવી ચર્ચા ઉઠી હતી. ૭ મહિનાથી સ્કૂલો બંધ છે, ત્યારે પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓની માસ પ્રમોશન આપવું કે નહિ તે અંગે સરકારની વિચારણા ચાલી રહી છે તેવી વાતો વહેતી થઈ હતી. પરીક્ષા વગર ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓને લઈ જવા કે નહિ તે અંગે હાલ સરકાર વિચાર કરી રહી છે તેવું વાતો ફરતી થઈ હતી. તો બીજી તરફ, વાલીઓ પણ માસ પ્રમોશનની તરફેણ કરી રહ્યાં છે, જેથી શાળા ફી ભરવામાં રાહત મળી શકે.

વાલી એસોસિયેશનના પ્રમખુ કમલ રાવલ જણાવે છે કે, સરકાર માસ પ્રમોશન આપશે તો સૌથી મોટી રાહત વાલીઓને થશે. બધાને જ રાહત મળશે. માસ પ્રમોશન આવે તો ફીની સમસ્યા પણ ઉકેલાઈ શકે છે. માસ પ્રમોશનમાં ફીમા પણ રાહત મળી શકે છે. કોરોના હજી ગયો નથી, આવી પરિસ્થિતિમાં સ્કૂલો ખૂલવાની નથી. તેથી આ નિર્ણય તાત્કાલિક લેવો જોઈએ. આમાં રાહ જોવાની સ્થિતિ નથી. કોરોનામાં શાળાઓ ખૂલી નથી. ૪ મહિના થયા છે, તેમાં ૧૨ મહિના પણ નીકળી શકે છે. કોરોના કેસમા કેવી રીતે સ્કૂલે મોકલવા. અને ઓનલાઈન શિક્ષણ પણ યોગ્ય રીતે મળી રહ્યું નથી. નેટવર્કના ઈશ્યૂ થઈ રહ્યાં છે. છોકરાઓને ૧૫-૨૦ દિવસ સુધી અભ્યાસનો મેઈલ મોકલાયો નથી. તેથી માસ પ્રમોશનનો ઉકેલ યોગ્ય છે.

## સરકારે ફિક્સ પગારદારોને કાયમી થયા પછી પણ નોકરીમાં દૂર કરવા મુદ્દે લીધો મોટો નિર્ણય

ગાંધીનગર,

ગુજરાતની વિજય રૂપાણી સરકારે ફિક્સ પગારદારો અંગે મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણય પ્રમાણે ફિક્સ પગારની યોજના હેઠળ વર્ગ ૩ અને વર્ગ ૪ જગ્યાઓ પર ભરતી થનારા અને કાયમી થઈ ગયેલા કર્મચારીઓએ પૂર્વ સેવા તાલીમને અંતે પરીક્ષા પાસ નહીં કરનાર સરકારી કર્મચારીને સેવામાંથી દૂર પકડાવી ઘરભેગા કરી શકશે. રાજ્યના નાણા વિભાગે ૧૮ વર્ષ જૂના ઠરાવમાં કરારની શરતોમાં શુક્રવારે ફેરફાર કર્યો છે. નાણાવિભાગના ડેપ્યુટી સેક્રેટરી જે. બી. પટેલની સહીથી પ્રસિધ્ધ કરાયેલા નવા ઠરાવમાં કરારની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ફિક્સ વેતન યોજના હેઠળ ભરતી પછી નોકરીને તબક્કે થતા કરારનામાનો નવો નમૂનો આ સુધારા ઠરાવમાં આપવામાં આવ્યો છે.

આ નમૂનામાં કહેવાયું છે કે, કરાર આધારિત કર્મચારીને કરારના સમયગાળામાં કે પછી પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ કર્યાના બે વર્ષની અંદર વર્ગ-૩ની જગ્યાની નિયત પૂર્વ સેવા તાલિમ અને તાલીમને અંતે પરીક્ષા પાસ કરવાની રહેશે. અને જો આ સમયગાળા દરમિયાન નિયત તકોમાં પૂર્વ સેવા તાલીમને અંતે પરીક્ષા પાસ નહિ કરે તો તેમને (કર્મચારીને) સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં આપવામાં આવેલ નિમણૂકના હુકમો રદ કરીને તેમની સેવાનો અંત લાવવાન અંગેની વિચારણા કરવાની રહેશે''

આ સુધારા ઠરાવથી કરાર આધારિત કર્મચારી નિયમિત નિમણૂંકને તબક્કે સરકાર દ્વારા લેવાતી પૂર્વ સેવા તાલિમાન્ત સેવા પાસ નહી કરે તો તેને નિયમિત અર્થાત કાયમી કર્યા પછી પણ નોકરીમાંથી બરખાસ્ત કરવાના નિર્ણયો લેવાશે. ફિક્સ વેતનના નામે મૌલિક અધિકારો, સમાન કામ- સમાન વેતનના સિધ્ધાંતનો છેદ સરાકરે ઉડાવી દીધો ચે એ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે ત્યાં આ નવી શરતોથી કર્મચારીઓમાં નારાજગી પ્રવર્તી છે.

## શરૂઆત બેટી બચાવોથી કરી અને હવે અપરાધીઓને બચાવી રહ્યા છેઃ રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ યુપી સરકાર પર ફરી વાર હુમલો કર્યો છે. ઉત્તર પ્રદેશમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધ વધી રહ્યા છે જેને લઈને રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર પર નિશાન સાધ્યું. તેમણે બેટી બચાઓને લઈને કટાક્ષ કર્યો.


રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે 'કઈ રીતે શરુ થયું-બેટી બચાવો , હવે કેવું ચાલી રહ્યું છે- અપરાધી બચાવો' રાહુલ ગાંધી બાદ તેમના બહેન અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ સરકારને આડે હાથ લીધી છે. તેમણે કહ્યું કે શું યુપીના સીએમ બતાવશે આ કયા 'મિશન' હેઠળ થઈ રહ્યું છે ? બેટી બચાવો જે પછી અપરાધી બચાવો?

નોંધનીય છે કે ઉત્તર પ્રદેશથી એક ઘટના સામે આવી રહી છે જેમાં આરોપ છે કે ભાજપના એક ધારાસભ્ય પોતાના દીકરા સાથે એક પોલીસ સ્ટેશન પર જઈને એક યુવતી સાથે છેડતીનાં આરોપીને છોડાવીને લઈ જાય છે. આ ઘટનાના સમાચાર ટ્વિટ કરીને રાહુલ ગાંધીએ યુપી સરકાર પર હુમલો કર્યો છે. જોકે ભાજપના ધારાસભ્યનું કહેવું છે કે ઘટનાસ્થળ પર કોઈ હંગામો થયો નથી અને તેમની છવી ખરાબ કરવા માટે ખબરને ખોટી રીતે પ્રસારિત કરવામાં આવી રહી છે.

## ફેબ્રુઆરી સુધીમાં ખતમ થઈ જશે કોરોનાનું સંક્રમણઃ સરકારની પેનલનો દાવો

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાનુ સંક્રમણ તેની ચરમસીમાને વટાવી ચુક્યુ છે અને ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીમાં આ મહામારી ખતમ થઈ જશે તેવુ કેન્દ્ર સરકારના વૈજ્ઞાનિકોની એક પેનલનુ માનવુ છે.




આ પેનલમાં સામેલ વૈજ્ઞાનિકોની નિમણૂંક સરકારે કરી છે.હાલની સ્થિતિનો અભ્યાસ કર્યા બાદ પેનલનુ કહેવુ છે કે, આગામી વર્ષના ફેબ્રુઆરી મહિના સુધીમાં કોરોના સંક્રમણ ખતમ થઈ જશે.ભારતમાં કોરોનાના ૧.૦૬ કરોડથી વધારે કેસ નહીં નોંધાય.

હાલમાં ભારતમાં કોરોનાના ૭૫ લાખ કેસ નોંધાઈ ચુક્યા છે. એક અંગ્રેજી અખબારને આ પેનલે કહ્યુ હતુ કે, વાયરસથી બચવા માટે જે પણ ઉપાયો કરવામાં આવી રહ્યા છે તે ચાલુ રાખવા જોઈએ.આ પેનલ સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર કે વિજયરાઘવને બનાવી હતી.જેમાં આઈઆઈટી હૈદ્રાબાદના પ્રોફેસર એમ વિદ્યાસાગર પ્રમુખ છે.સમિતિના કહેવા પ્રમાણે ભારતે જો માર્ચ મહિનામાં લોકડાઉન લાગુ ના કર્યુ હોત તો ૨૫ લાખ લોકોના મોત થયા હોત.ભારતમાં કોરોનાના કારણે અત્યાર સુધીમાં ૧.૪ લાખ લોકો મોતને ભેટી ચુક્યા છે.

પેનલના સભ્ય ડો. વી કે પોલે કહ્યુ હતુ કે, છેલ્લા ત્રણ અઠવાડિયામાં નવા કેસ અને મોતની સંખ્યા પણ ઘટી છે પણ શિયાળામાં કોરોનાની બીજી લહેરની સંભાવના નકારી શકાય તેમ નથી.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૧૦૦૦ કેસ સામે આવ્યા છે.જ્યારે ૧૦૩૩ લોકોના આ સમયગાળા દરમિયાન મોત થયા છે.દેશમાં કોરોનાના દર્દીઓનો રિકવરી રેટ ૮૮ ટકા થઈ ગયો છે.

## ટ્વિટરે જમ્મુ-કાશ્મીરને ચીનનો હિસ્સો ગણાવતા યુઝર્સ રોષે ભરાયા

ન્યુ દિલ્હી,

સોશ્યલ મીડિયા સાઈટ ટ્વિટર વધુ એક વિવાદમાં ઘેરાઈ છે.ટ્વિટર પર લાઈવ બ્રોડકાસ્ટ દરમિયાન જમ્મુ-કાશ્મીરને ચીનનો હિસ્સો બતાવવામાં આવ્યો છે.જેને લઈને ડિફેન્સ એનાલિસ્ટ નિતિન ગોખલેએ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી રવિશંકર પ્રસાદને ફરિયાદ પણ કરી છે.

બીજી તરફ યુઝર્સ પણ ટ્વિટર સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે.તેમનુ કહેવુ છે કે, ટ્વિટરના હોલ ઓફ ફેમ ફીચરમાં લેહ સિલેક્ટ કરવામાં આવે તો લોકેશનમાં જમ્મુ કાશ્મીર , પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના દેખાડવામાં આવી રહ્યુ છે.જ્યારે ફરી વખત આ ફિચરને ટેસ્ટ કરવામાં આવ્યુ ત્યારે પણ આ જ રિઝલ્ટ આવ્યુ હતુ.

નીતિન ગોખલેએ આ જાણકારી આપ્યા બાદ ટ્વિટર યુઝર્સ પણ તેને સમર્થન આપી રહ્યા છે.લોકોએ કહ્યુ હતુ કે, આ વાત સાચી છે અને આ જ પ્રકારનુ લોકેશન બીજા યુઝર્સને પણ જોવા મળી રહ્યુ છે.આ પહેલા ૨૦૧૨માં પણ ફરિયાદ ઉઠી હતી કે, ટ્વિટર પર જમ્મુ-કાશ્મીરને ચીનનો હિસ્સો બતાવવામાં આવી રહ્યુ છે.

દરમિયાન ટ્વિટરે લૂલો બચાવ કરતા કહ્યુ છે કે, આ ટેકનિકલ ખામી છે અને તેને વહેલી તકે સુધારી લેવામાં આવશે.

## પુલવામાના ત્રાલમાં સેના પર આતંકીઓનો ગ્રેનેડ હુમલોઃ એક જવાન ઘાયલ

શ્રીનગર,

જમ્મુ કાશ્મીરના પુલવામમાં આતંકવાદીઓએ સીઆરપીએફના જવાનો પર ગ્રેનેડ હુમલો કર્યો હોવાના અહેવાલો મળ્યા છે. આ હુમલામાં એક જવાન ઘાયલ થયો છે.જેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે.આખા વિસ્તારની ઘેરાબંધી કરીને જવાનોએ હવે હુમલો કરીને ભાગી છુટેલા આતંકીઓની શોધખોળ શરુ કરી છે.મળતી વિગતો પ્રમાણે પુલવામાના ત્રાલ શહેરમાં સવારે ૧૧ વાગ્યે સીઆરપીએફની એક બટાલિયનના જવાનો પર આતંકીઓએ ગ્રેનેડ વડે હુમલો કર્યો હતો.આતંકીઓ ગ્રેનેડ ફેંકીને ભાગી છુટયા હતા. આ દરમિયાન થયેલા વિસ્ફોટમાં એક જવાન ઘાયલ થયો હતો.તેને પેટના નિચેના હિસ્સામાં ઈજા પહોંચી હતી.એ પછી તેને સારવાર માટે પુલવામાની જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.ફરાર આતંકીઓની શોધખોળ ચાલી રહી છે.

### આંધ્રના CMએ કેન્દ્રની પાસે માંગી ૨૨૫૦ કરોડ રૂપિયાની મદદ

## હૈદરાબાદમાં ભારે વરસાદથી પાણી-પાણીઃ અત્યાર સુધી થયા ૫૦ લોકોના મોત

હૈદરાબાદ,

દેશના દક્ષિણ ભાગમાં વરસાદનો કહેર સતત ચાલુ છે ત્યારે જનજીવન જોખમાયું છે. તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે સ્થિતિ ચિંતાજનક છે. ખેડૂતોનો પાક પણ બરબાદ થી ચૂક્યો છે. હૈદરાબાદમાં સડક પર નદી જેવું પાણી વહી રહ્યું છે. અનેક વાહનો તણાઈ ચૂક્યા છે અને સાથે ૫૦ લોકોના મોત થયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

હૈદરાબાદમાં શનિવારે અનેક વિસ્તારોમાં રાતે ધોધમાર વરસાદ થયો છે. આ સિવાય છેલ્લા એક અઠવાડિયાથી થઈ રહેલા વરસાદથી ભારે અફરાતફરી મચી છે. જનનજીવન જોખમાયું છે. હવામાન વિભાગે અહીં આજે પણ



મધ્યમ વરસાદની આગાહી કરી છે. અત્યાર સુધીમાં વરસાદના કારણે ૫૦ લોકોના મોત થયા છે. ડીઆરએફ અને જીએચએમસીની ટીમ સતત કામગીરી કરી રહી છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાઈએસ જગન મોહન રેડ્ડીએ શનિવારે કેન્દ્રીય મંત્રી અમિત શાહને પત્ર લખીને રાજ્યમાં થયેલા ભારે વરસાદ અને પૂર બાદ કામગીરી અને ફરીથી જનજીવન શરૂ કરવા માટે તત્કાલ રીતે ૨૨૫૦ કરોડ રૂપિયાની મદદ માંગી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે રાજયમાં ૯-૧૩ ઓક્ટોબર સુધીના ભારે વરસાદથી જનજીવન અને પૂરના કારણે લગભગ ૪૪૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સડક અને વિજળીના થાંભલાઓને ભારે નુકસાન થયું છે તો અન્ય તરફ ખેડૂતોનો પાક પણ બરબાદ થયો છે. વરસાદમાં અહીં ૧૪ લોકોના જીવ ગયા છે.

કર્ણાટક વિધાનસભામાં વિપક્ષના નેતા સિધ્ધરમૈયાએ શનિવારે પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેવી કેન્દ્ર સરકારને પ્રદેશમાં પૂરને પ્રાકૃતિક આફત ગણવાની માંગ કરી છે. પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ રાજયના મુખ્યમંત્રી બી એસ યેદિયુરપ્પાને પૂરથી લડવા માટેના કેટલાક સૂચનો પર આડેહાથ લીધા. યેદિયુરપ્પા પ્રશાસને જાડી ચામડી વાળા કહીને વિપક્ષના નેતાએ આરોપ લગાવ્યો છે. રાજયના મંત્રી ૩ નવેમ્બરે ૨ વિધાનસભા સીટ પર થનારી પેટાચૂંટણીમાં વ્યસ્ત છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. કે. રાઠવા

મુ. વડાતલાવ, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જય જલારામ જ્યોત જૂથ

મુ. વરસડા, તા. હાલોલ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લામાં આજે ૦૩ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૨૨૪ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૧૦-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૨૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૧૧૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૬૩૫૭૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૫ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૦ દર્દી હોમ આઇસોલેશન, ૦૦ દર્દી સી સી સી સંતરામપુર, ૧૫ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૧ દર્દી SDH સંતરામપુર, ૦૪ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૬ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

## લુણાવાડાના મોરાઈ ગામે લટકતા વાયરને લઈ એક વ્યકિતનું મોત

લુણાવાડા, લુણાવાડા તાલુકામાં શુક્રવારે રાતે પવન સાથે વરસાદ પડતા વીજળી ડુલ થયાની ફરિયાદો મળી હતી. ત્યારે શનિવારે સવારે મોરાઈ ગામે પગી ભુરાભાઈ સોમભા પોતાના ખેતરમાં કામ અર્થે જતાં વીજ તાર તુટીને પડેલો હોય ખસેડતા વીજ કરંટ લાગવાથી ઘટના સ્થળે મૃત્યુ થયુ હતુ. ત્યારે પુત્ર દિલીપે જણાવ્યુ હતુ કે, એમજીવીસીએલ કંપનીની બેદરકારીથી મારા પિતાનુ મૃત્યુ થયુ હોય કંપની વળતર ચુકવે અને લટકતા વીજ વાયરો સરખા કરે જેથી અન્ય કોઈ વ્યકિત આ રીતે ભોગ ન બને અને જાનહાનિ ટળે.

## સંતરામપુર ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત બીજા તબક્કાના બ્લડ ડોનેશન કેમ્પમાં ૭૧ યુનિટ રકત એકત્ર કરવામાં આવ્યું




તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, રાજયના શિક્ષણ વિભાગ પ્રેરિત મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે સંતરામપુર મુરલીધર સ્કૂલ ખાતે જિલ્લા કલેકટર આર. બી. બારડના અદયક્ષ સ્થાને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રાજયના શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૭૧ યુનિટ જેટલું બ્લડ એકત્ર કરવામાં આવ્યું.

કલેકટર બારડે ઉપસ્થિત શિક્ષકોને પ્રેરણા પૂરી પાડી કોવિડ-૧૯ જનઆંદોલન અભિયાન અંતર્ગત જનજનમાં લોકજાગૃતિ આવે અને કોરોના સંક્રમણને અટકાવવા માટે સમાજના તમામ લોકો માસ્ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધોવે, સેનેટાઈઝરનો ઉપયોગ કરે અને ૬ ફૂટના અંતરનું પાલન કરે તે માટેનો સંદેશો સમાજના ઘર-ઘર સુધી પહોંચાડવા સુચવ્યું હતું.

કોરોના વાયરસ મહામારી સમયે જરૂરિયાતમંદ લોકોને સમયસર રક્ત મળી રહે તેવા ઉદ્દેશથી શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આ બ્લડ ડોનેશન કેમ્પમાં ઉપસ્થિત રહેતા સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોરે કોરોનાની આ મહામારીના સમયમાં લોકડાઉન અને અનલોક દરમિયાન જિલ્લાના શિક્ષકોએ જિલ્લાના નાગરિકોના આરોગ્યની સુખાકારી માટે કોરોના વોરિયર્સ બનીને મહત્વની કામગીરી હતી. અને આજે કોરોના વાયરસની મહામારી વચ્ચે જરૂરિયાતમંદ લોકોને સમયસર રકતનો પ્રવાહ મળી રહે તે ઉદ્દેશને ધ્યાનમાં રાખીને રકતદાન કરી રહ્યા છે ત્યારે તેમની આ સેવાઓને બિરદાવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ કોરોના વાયરસની આ મહામારી વચ્ચે શિક્ષકોએ કરેલ કામગીરીને બિરદાવી શિક્ષણ વિભાગ દ્વારા કોરોના વાયરસની મહામારી વચ્ચે જરૂરિયાતમંદ લોકોને સમયસર રકત મળી રહે તે માટે જે રકતદાન કેમ્પોના કરવામાં આવી રહેલ આયોજનની સરાહના કરી હતી. શિક્ષણ વિભાગના ઉપક્રમે હવે આગામી તા. ૧૯/૧૦/૨૦૨૦ના રોજ લાલસર ખાતે પટેલ સમાજની વાડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવનાર છે. આ બ્લડ ડોનેશન કેમ્પમાં મોટી સંખ્યામાં જિલ્લાના શિક્ષકોને ભાગ લેવા બદલ મહીસાગર જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં ઉપસ્થિત રહીને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ રક્તદાન કેમ્પમાં ગુજરાત આચાર્ય સંઘના પ્રમુખ જે.પી.પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વાય.એચ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી પી.એન.મોદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ શશિકાંતભાઇ પટેલ, જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ મહેશભાઇ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના કે.એમ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના જે.એસ.પટેલ સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## બાલાસિનોર GIDCની સુકુન એસોસિએટને નોટિસ ફટકારતા ચકચાર

બાલાસિનોર, બાલાસિનોરની જીઆઈડીસીની સુકુન એસો.ને નોટિસ ફટકારતા ચકચાર મચી જવા પામી છે. બાલાસિનોર જીઆઈડીસી વિસ્તારમાં બાલાસિનોરથી અમદાવાદ તરફ જતા આવેલા જીઆઈડીસીના પ્લોટ નં-૧-બી જે સુકુન એસોસિએટ કોમર્શિયલ પ્લોટમાં છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતથી હુન્ડાઈનો શો-રૂમ તેમજ એકાએક રાતોરાત દુકાનોનુ બાંધકામ ચાલુ કરવામાં આવતા જીઆઈડીસીના અનેક નિયમોનુ ભંગ થયા હોવા અંગે બાલાસિનોર ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની કચેરીએ લેખિતમાં જાણ કરી હતી. જેને પગલે સદર જગ્યાએ ઉચ્ચકક્ષાએથી સ્થળ તપાસ કરતા જીઆઈડીસી પ્લોટ નં-૧-બી મે.સુકુન એસોસિએટ તાત્કાલિક ધોરણે બિનઅધિકૃત બાંધકામ બંધ કરવા અને દુર કરવા અંગે નોટિસ ફટકારવામાં આવી છે.

આ નોટિસમાં વધુમાં જણાવવામાં આવ્યુ છે કે, પ્લોટ નં-૧-બી માં માર્જીન એરિયામાં બાંધકામની પ્રવૃત્તિ તેમજ રાજય ધોરીમાર્ગની બિલ્ડિંગ કંટ્રોલ લાઈનની અંદર બાંધકામ પ્રવૃત્તિ ચાલુ હોવાથી તે બિનઅધિકૃત વાયોલેટિવ પ્રકારનુ બાંધકામ નિગમના નિતીનિયમો મુજબના હોવાથી તાત્કાલિક ધોરણે દુર કરવુ તેમજ પ્લોટ નં-૧-બીમાં જીઆઈડીસીમાં રાજય ધોરીમાર્ગ નજીક નવુ સ્મારક બનાવવુ તેમ જણાવ્યુ છે.

## પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે રોજગાર ઈચ્છુક દિવ્યાંગ ઉમેદવારો માટે ઓનલાઈન ભરતી મેળા અને માર્ગદર્શન શિબિર યોજાયા

ગોધરા, પંચમહાલ જિલ્લા રોજગાર કચેરી દ્વારા ગત શનિવારે જીલ્લાના દિવ્યાંગ ઉમેદવારો માટે ગુગલમીટ એપના માધ્યમથી ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો, એપ્રન્ટિસશીપ મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજવામાં આવી હતી. આ ઓનલાઈન ભરતી મેળામાં સન ફાર્માસ્યુટિકલ હાલોલ હાજર રહી હતી. તેમણે દિવ્યાંગ ઉમેદવારો માટેની ૨૫ જેટલી ખાલી જગ્યાઓ ભરવા ધો.૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ ડિપ્લોમા, ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ ડિગ્રીધારકો તેમજ અનુભવી, બિન-અનુભવી, ૧૮થી ૩૫ની વય ધરાવતા દિવ્યાંગ સ્ત્રી-પુરૂષ ઉમેદવારોને જોબની તકો ઓફર કરી હતી. તેમજ રસ ધરાવતા દિવ્યાંગ ઉમેદવારોને એકમના ઈમેલ આઈ.ડી પર બાયોડેટા મોકલવા, સોમવાર અને શુક્રવારે માસ્ક પહેરીને હાલોલ ખાતેના પ્લાન્ટ ગેટ નંબર-૨ પર સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ સુધી સોશ્યલ ડિસ્ટન્સિંગના પાલન સાથે અને કોવીડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરી રૂબરૂ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર ,અભ્યાસના પ્રમાણપત્ર,રોજગાર કચેરીનું નોંધણી કાર્ડ વગેરે સાથે ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું. ઈન્ટરવ્યું દરમિયાન યોગ્ય લાયકાત મુજબ એકમમાં, કોન્ટ્રાકટમાં,એપ્રેન્ટીસ ,નીમ પ્રોજેક્ટ વગેરેમાં રાખવામાં આવશે. ભરતી મેળામાં જે ઉમેદવારો ઘેર બેઠા પોતાનો ધંધો સ્વરોજગાર કરવા માંગતા હોય અને આત્મ નિર્ભર બનવા માંગતા ઉમેદવારોને જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની બાજપાઈ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના,જીલ્લા સમાજ સુરક્ષા કચેરીની સાધન સહાય યોજના , સમાજ કલ્યાણ કચેરીની માનવ ગરિમા યોજના અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્વરોજગાર કરવા માટે જરૂરી કૌશલ્ય તાલીમ અંગે બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા સ્વરોજગાર લોન સહાય અને ટૂંકા ગાળાના રોજગારલક્ષી તાલીમ વર્ગોમાં જોડાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ નેશનલ કેરિયર સેન્ટર પોર્ટલ WWW.NCS.GOV.IN પર દિવ્યાંગ ઉમેદવારો માટે વ્યવસાય માર્ગદર્શન અને રોજગારીની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૨૦ થી વધુ દિવ્યાંગ ઉમેદવારોએ ગુગલ મીટ એપમાં જોડાઈને આ મેળાનો લાભ લીધો હતો.

## ગોધરા તાલુકાના ભલાણીયા ગ્રામ પંચાયતના સભ્યને મોબાઈલ ફોનથી ધમકી અપાતા ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના ભલાણીયા ગ્રામ પંચાયતના સભ્ય ગોપાલાઈ સામંતભાઈ પટેલ અલગ અલગ મોબાઈલ નંબર પરથી ધમકીઓ ભર્યા ફોન આવતા ગોપાલભાઈ પટેલે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ગોપાલભાઈએ ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, ભલાણીયા ગામના શૈલેષભાઈ ગણપતભાઈ બારીયાએ મોબાઈલ ફોન કરીને કહ્યુ કે, અમારી ગાડીઓના લાયસન્સ અને વગર પરમીશનના ડી.જે.સિસ્ટમની અરજીઓ કરેલ છે. જેથી હુ મારી બે ગાડીઓ તારા ઘરે મુકીને સળગાવી દઈશ અને તારા માથે પાડીશ તેમ કહીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. જયારે અન્ય મોબાઈલ નંબરથી પરથી રાજેશભાઈ વખતભાઈ રાઠોડનાઓ ફોન કરીને અપશબ્દો બોલીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની પોલીસ ફરિયાદ ગોપાલભાઈ પટેલે નોંધાવી હતી.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

કોરોનાની મહામારી વચ્ચે સરકારે ચોક્કસ નિયમનું પાલન કરીને નવરાત્રીની ઉજવણી કરવાનું ફરમાન કરાયું છે. જેના ભાગરૂપે ગોધરાના પ્રભાકુંજ સોસાયટીમાં સોશીયલ ડિસ્ટન્સ સાથે ભકતો દ્વારા માતાજીની સ્થાપના કરાઈ.

## દે.બારીઆ તાલુકામાં ડાંગર, મકાઈના ટેકાના ભાવે ૭૨ ખેડુતોએ નોંધણી કરાવી

દે.બારીઆ, દે.બારીઆ તાલુકામાં સરકારી અનાજના ગોડાઉન પર પુરવઠા નિગમ લિમિટેડ અંતર્ગત ટેકાના ભાવે ડાંગર, મકાઈ, મગફળી, બાજરીના વેચાણ માટે એનરોલમેન્ટ રજીસ્ટ્રેશનની કામગીરી મંથરગતિએ ચાલે છે. તાલુકામાં આજદિન સુધીમાં મકાઈ, ડાંગર માટે ૭૨ ખેડુતોની નોંધણી થઈ છે.

જેમાં સરકારે ટેકાના ભાવ પ્રતિ કિવન્ટલ રૂ.૧,૮૬૮ તથા મકાઈ રૂ.૧,૮૫૦, બાજરીના પ્રતિ કિવન્ટ રૂ.૨,૧૫૦ નકકી કરવામાં આવેલા છે. ખેડુતોએ માલનુ વેચાણ કરવા માટે ચાલુ વર્ષેના ૭/૧૨ તથા ૮/અ ના ઉતારા, બેંક પાસબુકની નકલ સાથે સરકારી અનાજ ગોડાઉન દે.બારીઆનો સંપર્ક કરવા ખેડુતોને અનુરોધ કરાયો છે. તાલુકામાં મકાઈ, ડાંગરના પાક મુખ્યત્વે છે પણ સરકારે ટેકાના ભાવ અંગેનુ માર્ગદર્શન અન્ન અને પુરવઠા વિભાગ દ્વારા તથા ખેતીવાડી વિભાગ કે પછી એ પી.એમ.સી.દ્વારા જાહેરાત બરાબર ના કરતા હોવાથી મોટાભાગના ખેડુતો ટેકાના ભાવથી અજાણ્યા હોય છે. જે ખુબ જ ઓછુ છે. હવે પછી સરકારે તા.૨૯ ના રોજ રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ છે. ખેડુતોએ આ બાબતે અજાણ્યા હોવાથી તેઓને સસ્તા ભાવમાં વેચાણ કરવા મજબુર થવુ પડે છે.

## મોરવા(હ)ના ખાનપુર ગામે મગજની અસ્થિરતાન ૪૦ વર્ષીય યુવાન તળાવમાં પડતા મોત

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના ખાનપુર ગામના ૪૦ વર્ષીય વ્યકિતએ મગજની અસ્થિરતાના કારણે ઘરે નીકળી જઈ તળાવના પાણીમાં ડુબી જઈ મરણ જતાં આ બાબતે ફરિયાદ નોંધાવા પામી. પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના ખાનપુર ગામે બારીયા ફળીયામાં રહેતા જશવંતભાઈ અમરાભાઈ બારીઆ ઉ.વ.૪૦ મગજની અસ્થિરતાને લઈને પોતાના ઘરેથી નિકળી ગયેલ હતા અને તળાવા પાણીમાં ડુબી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના ઝાંખરીયા ગામે આઈસર ટેમ્પોની અડફેટ બાઈક ચાલકનું મોત

હાલોલ, હાલોલ તાલુકાના ઝાંખરીયા ગામે રોડ ઉપરથી પસાર થતાં આઈસર ટેમ્પોના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી મોટર સાયકલને અડફેટમાં લઈ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવાતા ફરિયાદ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ઝાંખરીયા ગામે રોડ ઉપરથી પસાર થતા આઈસર ટેમ્પો નંબર જીજે.૧૭.યુયુ.૫૧૦૦ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડ સાઈડ પસાર થતી મોટર સાયકલને અડફેટમાં લેતાં બાઈક ચાલક રાજેન્દ્રસિંહ જયદિપસિંહ પરમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવી ટેમ્પો લઈ નાશી છુટી ગુનો કર્યાની ફરિયાદ પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઝાલોદના મુણધા ગામે રહેણાંક મકાનમાંથી ૫૭ હજાર ઉપરાંતનો દારૂ ઝડપાયો

દાહોદ, ઝાલોદ તાલુકાના મુણધા ગામે પોલીસને મળેલ બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહિ રેડ કરી ઘરધણીની અટક કરી હતી. તે બાદ પોલીસે મકાનની તલાશી લેતા વિદેશી દારૂની બોટલો નં-૭૪૪ જેની કુલ કિ.રૂ.૫૭,૬૦૦નો પ્રોહિ જથ્થો ઝડપી પાડ્યો હતો.

ઝાલોદ તાલુકાના મુણધા ગામે મુધણી ફળિયામાં રહેતા રામાભાઈ દિતાભાઈ ભાભોરના મકાનમાં ગત તા.૧૬ ઓકટો.ના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ઓચિંતી પ્રોહિ રેડ કરી રામાભાઈને પોલીસે ઝડપી પાડ્યો હતો.

મકાનની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૮ જેમાં નાની મોટી બોટલો નંગ-૭૪૪ જેની કુલ કિ.રૂ.૫૭,૬૦૦ ના પ્રોહિ જથ્થો ઝડપી પાડી આ સંબંધે લીમડી પોલીસે રામાભાઈ ભાભોર વિરૂદ્ધ પ્રોહિનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં એકનું મોત

દાહોદ, સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે બે મોટરસાઈકલો સામ સામે ધડાકાભેર અથડાતાં એક મોટરસાઈકલ ચાલકને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાનું જાણવા મળે છે.

સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે પસાયતા ફળિયામાં રહેતા જયેશભાઈ પણદા ગત તા.૧૨મી ઓક્ટોબરના રોજ પોતાની મોટરસાઈકલ લઈ મછેલાઈ ગામેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી જયેશભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં જયેશભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયા હતા જેને પગલે જયેશભાઈને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક નજીકના દવાખાને ખસેડતાં તેઓનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.

આ સંબંધે જયેશભાઈના દાદા ૬૫ વર્ષીય મોહનભાઈ મગનભાઈ પણદાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ પોસ્ટ ઓફિસ ATM સેન્ટરમાંથી ATM બદલી લઈ ૨૫ હજાર ઉપાડી લઈ છેતરપિંડી કરાઈ

દાહોદ, દાહોદ શહેરમાં પોસ્ટ ઓફિસના એ એટીએમ સેન્ટરમાંથી બે અજાણ્યા ઈસમોએ એક વ્યકિત નો એટીએમ કાર્ડ બદલી પાસવર્ડ જાણી ખાતામાંથી ૨૫૦૦૦ રૂપિયા ઉપાડી લઇ છેતરપિંડી કરતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

દાહોદ શહેરમાં શીતલ સોસાયટી મંડાવાવ રોડ ખાતે રહેતા પ્રવીણભાઈ ફત્તેચંદ વર્મા ગત તારીખ ૧૩મી ઓક્ટોબરના રોજ દાહોદ શહેરમાં આવેલ પોસ્ટ ઓફિસના એટીએમમાં પૈસા ઉપાડવા ગયા હતા. આ સમયગાળા દરમિયાન ૨ અજાણ્યા વ્યકિતઓ એટીએમ સેન્ટરમાં આવી પ્રવીણભાઈ સાથે વાતચીત કરવા લાગ્યા હતા અને જે સમયે પ્રવીણભાઈ એટીએમમાંથી પૈસા ઉપડતા હતા. તે સમયે તેમના એટીએમનો પાસવર્ડ જોઈ વાતચીતમાં ભૈરવી પ્રવીણભાઈ નું એટીએમ કાર્ડ પોતાના કાર્ડથી બદલી લઈ પ્રવીણ ભાઈના ખાતા માંથી રૂપિયા ૨૫૦૦૦ એટીએમ મારફતે આ બે અજાણ્યા વ્યકિતઓ એ ઉપાડી લેતાં આ સંબંધે પ્રવીણભાઈ વર્મા દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૯-૧૦-૨૦૨૦, સોમવાર, આસો સુદ-૩, સૂર્યોદય-૬-૪૬, સૂર્યાસ્ત-૬-૧૭, જૈન નવકારશી-૭-૩૪, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૦૯થી અભિજીત ૧૨-૫૫ સુધી, ૬-૪૬થી અમૃત-૮-૧૨ સુધી, ૯-૩૯થી શુભ-૧૧-૦૫ સુધી, ૧૩-૫૮થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૫૧ સુધી, ૨૨-૫૮થી લાભ-૨૪-૩૨ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૪૬થી ૭-૪૪ સુધી, ૮-૪૧થી ૯-૩૯ સુધી, ૧૧-૩૪ થી ૧૪-૨૭ સુધી, ૧૫-૨૪થી ૧૬-૨૨ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૯.૧૦.૨૦૨૦ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- દિવસની શરૂઆત ખૂબ જ સારી રહેવાની સામાજીક કાર્યોમાં સફળતા લેખન કાર્યમાં કોઈની મદદ મલે.

વૃષભ(બ.વ.ઉ.) :- નવા સાહસની ઈચ્છા ફળવાની નોકરીમાં કાર્યભાર રહે. પ્રતિષ્ઠા વધવાની કર્જમાં રાહત થવાની.

મિથુન(ક.છ.ઘ.) :- વ્યવસાયમાં પ્રગતિ રહે. યાત્રા પ્રવાસનું આયોજન થાય ઉપરી અધિકારી વર્ગનો સહકાર રહે.

કર્ક(ડ.હ.) :- વિજાતીય મિત્રોનો સહકાર રહે. ભાગીદારોને સહકાર દેવો ગુસ્સાને ટાળજો. કારણ વગરના વિચારો રહે.

સિંહ(મ.ટ.) :- સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળજો નવી ઓળખાણ બાબત સાવધાની રાખવી. પ્રવાસમાં લાભ રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાની જવાબદારીઓ લેવામાં જાળવવું નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ સગાઈનું કાર્ય આગળ વધે.

તુલા(ર.ત.) :- નોકરી-ધંધામાં માહોલ અનુકુળ રહેવાનો પ્રવાસમાં અનુકુળતા ગુસ્સાને કાબુમાં રાખજો તમારા વર્તનમાં સુધારો જરૂરી.

વૃશ્ચિક(ન.ય.) :- શેર સટ્ટામાં વિચારપૂર્વક રોકાણ કરજો. ઉધારી ધંધાથી દૂર રહેજો વિદેશથી આર્થિક લાભ મલવાનો રોમાન્સમાં સફળતા.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- માનસિક તનાવ દૂર થાય નોકરીમાં ફેરફારોની ઈચ્છા ફળવાની નવા સંબંધો બનાવવાની ઈચ્છા ફળવાની.

મકર(ખ.જ.) :- વિદેશથી કે દૂરના અંતરેથી સારા સમાચાર આવે સ્વાસ્થ્ય બાબત જાળવવું મનગમતી વ્યકિત સાથે મુલાકાત થાય.

કુંભ(ગ.શ.સ.) :- પરિવારમાં ઉત્સાહનો માહોલ ઉભો થાય મિલ્કતના પ્રશ્નોમાં અનુકૃળતા રહે. અભ્યાસમાં સફળતા રહે. પ્રવાસ થાય.

મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. પરિવારના વડીલો સાથે વ્યર્થ દલીલબાજીથી દુર રહેજો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગમય ગુજરાત અંતર્ગત યોગ સંવાદ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદના સ્વામી વિવેકાનંદ સંકુલના પંડિત દીનદયાલ ઓડીટોરીયમ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન આચાર્ય શીશપાલજી દ્વારા યોગ નિદર્શન અને યોગ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગમય ગુજરાત અંતર્ગત યોગ સંવાદ કાર્યક્રમ પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ અને સમસ્ત યોગ પરિવારના સયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં આચાર્ય શશીપાલજીએ ઉપસ્થિત લોકોને યોગ, પ્રાણાયામ અપનાવીને સદા નિરોગી રહેવા જણાવ્યું હતું.

આચાર્ય શશીપાલજી આ પ્રસંગે જણાવ્યું કે, આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ યોગને વૈશ્વિક ઓળખ અપાવી છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પણ ગુજરાતમાં ઘરે ઘરે લોકો યોગ કરતા થાય તેવા ઉદ્દેશથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સ્થાપના ગત વર્ષે યોગ દિવસે કરી હતી. ગુજરાતના તમામ ગામડાઓમાં, શહેરોમાં યોગ કેન્દ્ર શરૂ કરીને યોગને જનજન સુધી પહોંચાડવાની તેમણે નેમ લીધી છે. દાહોદ જિલ્લામાં પણ એક યોગ કોચ અને ૧૫૬ જેટલા તાલીમબદ્ધ યોગટ્રેનરોને તૈયાર કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, ઈમ્યુનિટી વધારવા યોગ એ રામબાણ ઇલાજ છે. કોરોના સામેની લડાઈમાં જીત મેળવવા યોગને રોજિંદા જીવનમાં સામેલ કરો. યોગ કરવાથી નાનામોટા રોગોથી લઈને કેન્સર જેવા રોગોને પણ હરાવી શકાય છે. યોગનું જ્ઞાન, અભ્યાસ અને યોગમય જીવન જ આપણને સ્વસ્થ અને નિરોગી બનાવશે.

આ પ્રસંગે કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, યોગએ આપણી સંસ્કૃતિ-પરંપરા સાથે અભિન્ન રીતે જોડાયેલો છે. અત્યારે કોરોના મહામારીના સમયમાં મોટા ભાગના લોકો યોગ અપનાવીને રોગથી દૂર રહેવા પ્રેરાયા છે. અહીં દાહોદમાં યોગ દિવસે ઓનલાઇન યોજાયેલા કાર્યક્રમમાં પણ પચાસ હજારથી પણ વધુ લોકો જોડાયા હતા. લોકો યોગ કરીને પોતાની રોગપ્રતિકારક શકિત વધારે ઉપરાંત આયુષ મંત્રાલયે બહાર પાડેલી માર્ગદર્શીકાને પણ અનુસરવાથી કોરોનાથી દૂર રહી શકાશે.

આ પ્રસંગે જનપ્રતિનિધિ સુધીરભાઈ લાલપુરવાલા, મહંત ભરતદાસજી, નલીનભાઇ શાસ્ત્રી, યોગકોચ વિનોદભાઇ, યોગાચાર્ય પ્રીતિબેન ઉપરાંત પતંજલિ યોગસમિતિના વિવિધ કાર્યકરો, યોગઆચાર્યઓ-કાર્યકરો, યોગટ્રેનરો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદના ડુંગરી ગામે જમીન સંબંધી ધિંગાણું મચાવતા ચકચાર

દાહોદ, દાહોદ તાલુકાના ડુંગરા ગામે જમીન સંબંધી મામલે ચાર જેટલા ઈસમો મારક હથિયારો ધારણ કરી એક વ્યકિતના ઘરે આવી પાંચ જેટલા વ્યકિતઓને લાકડી વડે, લોખંડની પાઇપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણુ મચવાત પંથકમાં ચકચાર વ્યાપી જવા પામી છે.

ડુંગરા ગામે ઉસરા ફળિયામાં રહેતા ખુમાનભાઈ શામજીભાઈ માવી તથા તેમન ।જ ગામમાં રહતા હડીયાભાઈ ગંગજીભાઈ માવી સામે જમીન સંબંધી મામલે વિવાદ ચાલતો હતો. જેથી સર્વેયરની જમીન તપાસણી કરાવી ખેતરેથી ખુમાનભાઈ તથા તેમની સાથેના બીજા માણસો પરત ઘરે ફર્યા હતા. આ દરમ્યાન ગામમાં જ રહેતા રૂપાભાઈ જીથરાભાઈ માવી, રામુભાઈ હડીયાભાઈ માવી, જામુભાઈ હડીયાભાઈ માવી તથા અભલાભાઈ રામુભાઈ માવીનાઓએ લાકડીઓ, લોખંડની પાઈપો સાથે ધારણ કરી આવી બેફામ ગાળો બોલતા હતા અને કહેલ કે, તમો જમીનનો નીકાલ કરી જાઓ જેથી ખુમાનભાઈએ કહેલ કે, સર્વેયર સર્વે કરીને ગયા છે, આપણે શાંતીથી વાત કરીશું, તેમ કહેતા જ ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે, લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી રાકેશભાઈ વાલાભાઈ માવી, શામજીભાઈ માવી, રમેશભાઈ વાલાભાઈ માવી, રાકેશભાઈ વાલાભાઈ માવી તથા ખુમાનભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણુ મચાવી મારી નાંખવાની ધમકી આપી નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત ખુમાનભાઈ શામજીભાઈ માવીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ પરેલ ત્રણ રસ્તા પાસેથી બાઈકની ચોરી

દાહોદ, દાહોદ શહેર માંથી ઘરના આંગણે લોક મારેલ એક વ્યકિતની મોટરસાયકલ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

દાહોદ શહેરમાં પરેલ ત્રણ રસ્તા વિસ્તાર ખાતે રહેતા આનંદભાઈ રામપ્રસાદ યાદવે ગત તારીખ ૧૦મી ઓક્ટોબર ના રોજ પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર કરી હતી.આ મોટરસાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ દ્વારા મોટરસાયકલની પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ જતાં આ સંબંધે આનંદભાઈ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કાલોલ બેઢીયા ના યુવાને કર નહીં પણ ઘરનાં સારા સંસ્કાર નું સિંચન કરી સમાજને બોધપાઠ આપ્યા


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, બેઢીયા ગામના ડો.મહેશ વિજયસિંહ ચૌહાણ જેમને થોડા સમય પહેલા જ ગામમાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનાર પ્રથમ યુવાન તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. તેમણે ગ્રામીણ સમાજમાં પ્રવર્તતા રીત રિવાજો કર, દહેજ, જેવી સમાજમાં ચાલતા રીવાજો થી કેટલાં જ પરીવારજનો પુત્રીઓ માટે યોગ્ય પાત્રની વંચિત રહી જતાં હોય છે. જ્યારે કેટલી દિકરી ના સમયે ક્રીયા વર ના આપતાં પુત્રી ને સાસરીમાં સુખી જીવન રોડાંતું હોય છે. જેથી આવા સમાજના કુરીવાજો સામે વડીલો, સમાજના મોભાદાર વ્યકિતઓ, કુટુંબના સભ્યો, માતા-પિતા તથા સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપકો સાથે ચર્ચા વિચારણા કરી હતી. ત્યારબાદ તેમણે સ્વૈચ્છિક રીતે પોતાની પત્નીના સીમંત વખતે સાસરી પક્ષ તરફથી રિવાજના ભાગરૂપે આપવામાં આવતી સોના કે ચાંદીની કિંમતી ભેટ સન્માનપૂર્વક પરત કરી કર નહીં પણ ઘરનાં સારા સંસ્કારનું સિંચન કરતું એક ઉદાહરણ પુરૂ પાડી સમાજમાં ચાલી રહેલા આવા બિનજરૂરી કુરિવાજોને દૂર કરવા માટેની પહેલ કરી હતી. સાથે જ ગ્રામીણ સમાજનો યુવાવર્ગ કે જે આવતીકાલનું ભવિષ્ય છે તે આવા નાના નાના બિન જરૂરી રિવાજોનો કુટુંબ અને સમાજના અગ્રણીઓનો સહકાર પ્રાપ્ત કરી સ્વૈચ્છિક અસ્વીકાર કરે તો ધીમે ધીમે સમાજમાંથી આવા રિવાજોનું પ્રભુત્વ નબળું પાડી શકાય તેમ છે. શિક્ષિત અને જાગૃત યુવાનોના આવા સ્વૈચ્છિક પ્રયત્નો ગ્રામીણ સમાજનો મોટોભાગ જે આર્થિક રીતે નબળો છે તેમના માટે આશીર્વાદરૂપ નીવડશે. આથી ગ્રામીણ સમાજના અન્ય યુવાનોને પણ સમાજમાં ચાલતા આવા રિવાજોને દૂર કરવા માટે યથાશક્તિ સ્વૈચ્છિક પ્રયત્નો કરવા પર ભાર મૂક્યો હતો. વધુમાં જણાવ્યુ હતું કે યુવાનોને આવનારો કોઈ વિચાર સમાજ માટે હિતકારી હોય તો વિચાર્યા વગર તેને સમાજ સમક્ષ અમલમાં મૂકવો જોઈએ અને સમાજે પણ તેનો સન્માન પૂર્વક આવકારવો જોઈએ.તેમના આ સમાજહિત અને ગ્રામીણ સમાજના અન્ય યુવાનો માટે કરેલ પ્રેરણારૂપ પ્રયાસમાં રહેલી ભવિષ્યલક્ષી દીર્ઘદષ્ટિને સમાજ અને પરિવારના વડીલોએ પણ ખુબ જ સરાહનીય ગણાવી હતી અને સહકારપૂર્વક આવકારી હતી.

"ગ્રામીણ મહિલાઓના આરોગ્યની સ્થિતિ અને સમસ્યાઓ" વિષય પરના પોતાના પી એચ.ડી. સંશોધનનાં ક્ષેત્રકાર્ય દરમિયાન તેમણે જોવા મળ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં મોટાભાગના પરિવારો એવા છે કે જેમની આર્થિક પરિસ્થિતિ ખુબજ નબળી છે. તેમણે પોતાનું સામાન્ય જીવન જીવવામાં પણ ઘણી બધી તકલીફો સહન કરવી પડતી હોય છે વળી આવી પરિસ્થિતિમાં સમાજમાં બાળકના જન્મથી લઈને મૃત્યુ સુધી ચાલતા કેટલાક ફરજિયાત રિવાજોને કારણે ગ્રામીણ સમાજના ઘણા બધા લોકો પોતાનો અને પોતાના પરિવારનો વિકાસ સાધી શકતા નથી. વળી ગ્રામીણ સમાજમાં લોકો ખેતી અને તેની સાથે પશુપાલન કરીને માંડ પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. આવી નિમ્ન આવક વાળી પરિસ્થિતિમાં ગ્રામીણ પરિવારો સમાજના કેટલાક ફરજિયાત રિવાજો પૂરા કરવા માટે સક્ષમ હોતા નથી. ઘણી વખત આવા રિવાજો વ્યક્તિ પૂરા કરી શકે તેમ ન હોય તો ઘરમાં કજિયો કંકાશ વધી જાય છે. ઘણી વખત દીકરીના માતા-પિતા આવા રિવાજો સમયે સોના ચાંદીની કિંમતી રકમ નં ૮ આપી શકે તો સમાજમાં તેઓ ટીકાપાત્ર બને છે અને દીકરીને પણ સાસરીમાં ઘણું બધું ના સાંભળવાનું સંભાળવું પડતું હોય છે. આ કારણે સમાજમાં પોતાનો મોભો અને ઈજ્જત ટકાવી રાખવા માટે આવા પરિવારોએ અન્ય પાસે પૈસા ઉછીના લેવા પડે છે, પોતાની જમીન ગીરવે મૂકવી પડે છે, ક્યારેક જમીન વેચી પણ દેવી પડે છે, ક્યારેક ઘરની અન્ય કિંમતી ચીજવસ્તુઓ વેચવી પડે છે. આ સ્થિતિમાં આવા પરિવારોને ખુબ જ લાચારીનો સામનો કરવો પડે છે. ક્યારેક અપમાન પણ સહન કરવું પડે છે. આવા રિવાજો ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના આર્થિક રીતે નબળા પરિવારો માટે અભિશાપરૂપ છે.

ડો. મહેશ ચૌહાણ સામાજિક સંશોધનોના કાર્યો સતત કરતાં રહે છે. તેમના દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થયેલા જુદી જુદી સામાજિક બાબતો આધારિત ૧૨ જેટલા સંશોધન લેખો, ૧૫ જેટલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં રજૂ કરેલા સંશોધનપત્રો તેમજ સામાજિક સંશોધન આધારિત ૪ પુસ્તકો આ બાબતને સમર્થન આપે છે.

# દાહોદના પાટા ડુંગરી જળાશય ખાતે ગ્રાહક સુરક્ષા મંડળનો સેમીનાર યોજાયો



દાહોદ, ગ્રાહક સુરક્ષા મંડળ, દાહોદ દ્વારા ઠક્કર બાપા સરોવર પાટા ડુંગરી જળાશય રેસ્ટ હાઉસ ખાતે ગરબાડા મત વિસ્તારના ધારાસભ્ય મા. ચંદ્રીકાબેન બારીયા તથા મુખ્ય અતિથિ વિશેષ તરીકે ચંદ્રકાંતાબેન ધાનકાની ઉપસ્થિતીમાં "મહિલા ગ્રાહક જાગૃતિ" સેમિનાર યોજવામાં આવ્યો હતો.

સેમીનાર પ્રારંભમાં ગુર્જરભારતી બી.એડ.કોલેજના પ્રિન્સીપાલ જીતેન્દ્રભાઈ પંચાલે ઉપસ્થિત મહાનુભાવો તથા ઉપસ્થિત મહિલાઓનું શાબ્દીક અભિવાદન કર્યું હતું.

ગ્રાહક સુરક્ષા અંગે સમજુતી આપતા મહિલાઓએ ગ્રાહક તરીકે જાગરૂકતા કેળવવા તથા તથા ખરીદતી વસ્તુની બનાવટ, તારીખ, એકસપાયરી તારીખ વગેરે વાંચીને ખરીદવા અને ઉપયોગ કરવા પર ભાર મુકયો હતો. ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના ઉપપ્રમુખ અતુલભાઈ ગાંધીએ ગ્રાહક કોને કહેવાય, સસ્તુ ખરીદવું નહિ, લોભામણી જાહેરાતોથી છેતરાવું નહિ, સેલવાળી વસ્તુઓ ન ખરીદતા એગમાર્ક, આઈ.એસ.આઈ., હોલમાર્કવાળી વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખવો ખરીદતી વખતે બિલ લેવાનો આગ્રહ રાખવો અને ખરીદ્યા પછી છેતરપિંડીનો અનુભવ થાય તો ગ્રાહક સુરક્ષા મંડળમાં ફરીયાદ કરવા જણાવ્યું હતું.

મંડળના પ્રમુખ ગોપાલભાઈ ધાનકાએ આપણે કોના કોના ગ્રાહક છીએ, પૈસા આપીને સેવા મેળવતી વ્યકિતપણ ગ્રાહક છે. સેવામાં ખામી હોય તો પણ વળતર મેળવી શકાય બીયારણ, ખાતર, દાણ વગેરે નકલી હોય અને પાક નિષ્ફળ જાય તો પણ કરી શકાય લાઈટ, ટી.વી., રસ્તા, પાણી વિગેરે સેવા ન મળતી હોય તો પણ ફરીયાદ કરી શકાય તેમ સમજ આપી હતી.

સમારંભના અધ્યક્ષ મા.ચંદ્રિકાબેન પોતે પણ શાકભાજી કે વગેરે ખરીદીમાં છેતરાયા હતા પણ કાળજી લેતા યોગ્ય રજુઆત કરવા ભવિષ્યમાં છેતરપિંડીનો ભોગ બનશે નહી તેમ જણાવ્યું હતું.

બી.એડ. કોલેજના પ્રિન્સીપાલ પંચાલ ગ્રાહકલક્ષી વિવિધ ઉદાહરણો આપ્યા હતા તથા મા.ચંદ્રિકાબેન દ્વારા સંમેલન યોજવા માટે જે વ્યવસ્થા કરી આપી તે બદલ તથા સંમેલનમાં ઉપસ્થિત રહેવા બદલ મંડળી વતી આભાર માન્યો હતો. આ સંમેલનમાં ગરબાડા વિસ્તારની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. અંતમાં સર્વે માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# લોકડાઉનમાં રાહતો પેકેજ જાહેર કરી વાહવાહ લુંટી હવે સુશાસનવાળી ભાજપની સરકાર જીવન જરૂરીયાતની વસ્તુઓ મોંઘી કરીને જનતાને લુંટે છે

દે.બારીઆ, આખા દેશમાં સંપૂર્ણ લોકડાઉન તેમજ અનલોક ડાઉન લાગુ કરે લગભગ દસ માસ થવા આવ્યા છ. આ દશ સમા દરમ્યાનના લેખાજોખા આ મુજબના છે. સંપૂર્ણ લોકડાઉનમાં શાકભાજીમાં બટાકા એક કિલોના રૂા.૨૦/-હતા. આજની તારીખ કે રૂા.૫૦/- થયા છે. ગરીબોની કસ્તુરીમાં ગણાતી ડુંગળી એક કિલોના રૂા.૧૦ થી ૧૫ માં મળતા આજે રૂા.૧૦૦/- માં મળે છે. તેમજ કઠોળમાં તુવેર દાળ રૂા.૧૨૦/-માં મળે છે. ડીઝલ તથા પેટ્રોલ માં કયારે પણ પેટ્રોલથી ડીઝલ વધારો જોવા મળ્યો નથી. પરંતુ આપ હૈ તો પેટ્રોલથી ડીઝલનો ભાવ વધારે જોવા મળ્યો તે પણ બે માસ સુધી ખાદ્યતેલ એક ડબ્બાના ૧૬૦૦/-ની પાર છે સીંગતેલના.

મળતી માહિતી મુજબ લોકો પાસે નોકરીઓની ધંધા રોજગારી ડીમ ચાલે છે. તમામ સેકટરમાં મંદી છે. તો આ સુશાસન તથા સંવેદનશીલની ભાજપ સરકાર હવે રાહત પેકેજના નાણા જણાય છે. આ લોકોની સમસ્યાઓ હલ થાય અમે ઈચ્છે છે. ગુજરાતની અનુલક્ષી આચાર સંહિતા લાગુ થાય તો પહેલા આમ ગરીબ મધ્ય વર્ગની જનતા ખાસ કરી વિજળીના બીલ તથા બેંકબેલ લોનના હપ્તામાં રાહત મળે તેની કાગડોળે રાહ જોઈ રહી છે શું ? ગુજરાતની સંવેદન તેમજ ગતિશીલ સરકાર જનતા માટે રાહતના નિર્ણય લેતા કેટલો સમય લેશે તે આવનારો સમય કરશે.

# દાહોદના રળીયાતી ગામે ફ્ન્ટી કારમાં લઈ જવાતો ૩૧ હજારના દારૂ ઝડપ્યો

દાહોદ, દાહોદ તાલુકાના રળીયાતી ગામેથી એક મારૂતી ફ્ન્ટી માં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની પોલીસને માહિતી મળતા પોલીસે આ વિસ્તારમાં વોચ ગોઠવી ઉભા હતા તે સમય દરમિયાન બાતમીમાં દર્શાવેલ મારૂતિ ફ્ન્ટી ત્યાંથી પસાર થતાં પોલીસે મારૂતિ ફ્ન્ટી સાથે ચાલકને ઝડપી પાડી વિદેશી દારૂનો કુલ રૂા. ૩૧૫૬૦ ના પ્રોહી જતા સાથે મારૂતી ફ્ન્ટી ની કિંમત મળી કુલ રૂપિયા એક લાખનો મુદ્દામાલ પોલીસે ઝડપી પાડયાનો જાણવા મળે છે. દાહોદ શહેરમાં રળીયાતી ગામે રહેતો અજય રાજુભાઈ બાવનીયા ગત તારીખ ૧૭ ઓક્ટોબરના રોજ પોતાના કબજાની મારૂતિ ફ્ન્ટી લઇ તેમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો હતો. આ અંગેની બાતમી દાહોદ તાલુકા પોલીસને મળતાં તેઓએ રળીયાતી ગામે વોચ ગોઠવી ઉપર હતા આ દરમિયાન ઉપરોક્ત મારૂતિનો ચાલક ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ચારે બાજુથી ઘેરી લીધો હતો અને તેની અટક કરી ગાડીની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ ૨૬૪ જેની કુલ કિંમત રૂપિયા ૩૧૫૬૦ ના પ્રોહી જથ્થા સાથે મારૂતિ ની કિંમત મળી કુલ રૂપિયા એક લાખ નો મુદ્દામાલ ઝડપી પાડી મારૂતી ફ્ન્ટી નો ચાલક અજય બાવનીયા વિરૂદ્ધ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લીમખેડાના પાણિયા ગામે ઘર આંગળથી નિકળવા બાબતે મહિલાને મારમારતાં ફરિયાદ

દાહોદ, લીમખેડા તાલુકાના પાણિયા ગામ એ ઘરની આગળથી નીકળવાની બાબતે એક દંપતીએ એક મહિલાને પકડી પાડી લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે ઈજાઓ પહોંચાડતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. લીમખેડા તાલુકાના પાણિયા ગામએ ડુંગર ફળિયામાં રહેતી ૨૬ વર્ષીય કોકીલાબેન અરવિંદભાઈ વણકર ગત તારીખ ૧૭મી ઓક્ટોબર ના રોજ હેન્ડપંપ ઉપરથી પાણી ભરી તેમજ ફળિયામાં રહેતા બાબુભાઈ કાંતિભાઈ વણકરના ઘર આગળથી નીકળતા હતા આ દરમિયાન બાબુભાઈ તથા તેમની પત્ની મંજુલાબેન દ્વારા કોકીલાબેન ને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું મારા ઘર આગળથી કેમ નીકળે છે. તેમ કહેતા કોકીલાબેન ને ગાળો આપવાની ના પાડતા ઉપરોક્ત દંપતી એકદમ ઉશ્કેરાઇ જઈ કોકીલાબેન ને પકડી લઈ લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે ઈજાઓ પહોંચાડતા આ સંબંધે ઈજાગ્રસ્ત કોકીલાબેન દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆમાં ફોરેસ્ટ કર્મચારીને તેના ખાતા ચોકીદાર સહિત ત્રણ વ્યકિત દ્વારા મારમારતાં ફરિયાદ

દાહોદ, દેવગઢ બારીઆ નગરમાં એક ફોરેસ્ટ કર્મચારીને આજ વિસ્તારમાં ફોરેસ્ટ ખાતામાં ચોકીદાર તરીકે ફરજ વજાવતો એક વ્યક્તિ સહિત ત્રણ ઈસમોએ ફોરેસ્ટ કર્મચારીનો કોલર પકડી લાપટો ઝાપટો મારી તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજા પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં રહેતા અને હાલ દેવગઢ બારીઆ જંગલ ખાતાના ફોરેસ્ટ ખાતામાં ફરજ બજાવતાં ૩૦ વર્ષીય યુવક હિંમતસિંહ મોહનભાઈ પટેલીયાને ગત તા.૧૬મી ઓક્ટોબરના રોજ દેવગઢ બારીઆ તાલુકાના ભુલ્લર ગામે રહેતો ચોકીદાર દિનેશભાઈ ભરતભાઈ પટેલ, કાળુભાઈ પ્રતાપભાઈ પટેલ તથા ભીમસીંગભાઈ ભયલાભાઈ પટેલનાઓએ હિંમતસિંહને બેફામ ગાળો બોલી કહેલ કે, તું અમારા માણસને ધમકાવે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ હિંમતસિંહનો કોલર પકડી લાપટો ઝાપટો મારી, ગડદાપાટ્ટુનો માર માર્યો હતો અને કહેલ કે, હવે પછી અમારા વિસ્તારમાં તું નોકરી કરવા આવ તું કેવી નોકરી કરે છે, તને જોઈ લઈશું, તેમ કહી મારી નાંખવાની ધમકી આપી નાસી જતાં આ સંબંધે હિંમતસિંહ મોહનભાઈ પટેલીયાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ફતેપુરાના લખણપુર ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ, ફતેપુરા તાલુકાના લખણપુર ગામેથી એક યુવક દ્વારા ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડીને લઈ જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ઝાલોદ તાલુકાના ઢાંકણીયા ગામે કલ્પેશભાઈ સુરસીંગભાઈ ડામોર દ્વારા ગત તારીખ ૧૭ ઓક્ટોબરના રોજ ફતેપુરા તાલુકામાં રહેતી ૧૫ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી પટાવી ફોસલાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતા બંને સગીરાના વાલીએ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લીમખેડાના પાલ્લી ગામે સગીર યુવતિને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ, લીમખેડા તાલુકાના પાલ્લી ગામેથી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં વલ્લભપુરદામે રહેતા અજયભાઈ મગનભાઈ માછીએ ગત તા.૦૫મી સપ્ટેમ્બરના રોજ લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પોતાની પત્નિ તરીકે રાખવાના ઈરાદે, પટાવી, ફોસલાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલીવાસર દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દિવાળીના તહેવારોને ધ્યાનમાં લઈ દાહોદ રેલ્વે સ્ટેશન પર વધુ બે ટ્રેનને સ્ટોપેજ

દાહોદ, લોકડાઉન બાદ ફરી ટ્રેનોના રૂટો રાબેતા મુજબ કરવા અને હાલ જ્યારે દિવાળી જેવો તહેવાર નજીક આવતાં રેલ મંત્રાલય દ્વારા મુસાફરોની સગવડતાને ધ્યાને રાખી વધુ ટ્રેનો દોડાવવાના નિર્ણયો સાથે વધુ બે ટ્રેનોનું દાહોદમાં સ્ટોપેજ મળવાપાત્ર રહ્યું છે. જેમાં ઝાંસી - બાન્દ્રા (ટ) સ્પેશીયલ ટ્રેન તેમજ ગાંધીનગર ભાગલપુર ગાંધીધામ સ્પેશીયલ ટ્રેન (સાપ્તાહિક) ટ્રેનનો સમાવેશ થાય છે. ઝાંસી - બાંન્દ્રા(ટ) ઝાંસી સ્પેશીયલ ટ્રેન તારીખ ૨૨મી ઓકટોબરને ગુરૂવારના રોજ થી ૨૭ નવેમ્બર સુધી ચાલશે. આ સમયગાળા દરમ્યાન વિવિધ સ્ટેશનો પૈકી દાહોદ રેલ્વે સ્ટેશને આ ગાડી રતલામ થઈ દાહોદમાં સવારે ૦૬.૪૪ કલાકે આગમન અને બે મીનીટના રોકાણ બાદ ૦૬.૪૬ કલાકે દાહોદથી ઉપડશે. જ્યારે ગાંધીધામ ભાગલપુર ગાંધીધામ સ્પેશીયલ ટ્રેન તારીખ ૨૩ ઓકટોબરથી તારીખ ૩૦ નવેમ્બર સુધી ચાલશે અને આ ટ્રેન રાત્રીના ૦૯.૩૮ કલાકે દાહોદ રેલ્વે સ્ટેશને સ્ટોપેજ લઈ બે મીનીટના રોકાણ બાદ ૨૧.૪૦ કલાકે ઉપડશે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 50

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## અત્યારથી જ ફટાકડા માટે લાયસન્સ મેળવવા ધસારો

# ગોધરાના લાલબાગ મેદાનના બદલે કનેલાવ તળાવ પાસે બજાર ખસેડવા માંગ

ગોધરા,

ગોધરામાં દિવાળી તહેવારમાં ધામધૂમ ફોડાતાનું ફટાકડા બજાર દર વર્ષે લાલબાગ ટેકરી મેદાનમાં ઊભું કરાય છે. તેના બદલે ગીચોગીચ સ્ટોલ રહેવાની સાથે ભારેભીડ વચ્ચે સુરક્ષાની સામે દેખીતી રીતે અનેક પ્રશ્નાર્થો સર્જાતા હોવા છતાં તંત્ર મૌન રહે છે તો આ વખતે કનેલાવ વિસ્તાર ખાતે ખસેડવાની આવશ્યકતા જણાય છે.

હિન્દુ તહેવાર નવરાત્રિ બાદ ગોધરા શહેરમાં દિવાળી પર્વ શહેરીવાસીઓ ધામધૂમથી ઉજવે છે. દિવાળી પૂર્વેથી અબાલવૃધ્ધો ફટકાડાની ખરીદી કરવાનો થનગનાટ વ્યાપ્યો છે. તો ૧૫ દિવસ પૂર્વેથી વિવિધ વિસ્તારના વેપારીઓ ફટાકડાનું વેચાણ અર્થે કલેકટરાલય કે મામલતદાર કચેરીમાં લાયસન્સ મેળવવા માટે ગતિવિધી તેજ બની જાય છે. જરૂરી દસ્તાવેજોની આવશ્યકત જ બને છે. દશેરામાં ફટાકડાનું ધૂમ વેચાણ થતું હોઈ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપ કલેકટરાલયમા અરજીઓ રજૂ કરવા અરજદારોના આંટાફેરા શરૂ થયા છે. પોતાની દુકાનની માલિકી સાથે જરૂરી દસ્તાવેજો રજૂ કરાયા છે. હજૂ ભેંસ ભાગોળે છાશ છાગોળે જેવી સ્થિતી વચ્ચે તંત્ર દ્વારા લાયસન્સ મેળવવા માટે અરજીઓ મંગાવાઈ રહી છે. અગાઉ ગોધરાના ભરચક એવા બસ સ્ટેન્ડ વિસ્તારની નજીક બગીચા રોડ ઉપર કતારબધ દુકાનો ઊભી થાય છે. પરંતુ આ સ્થળ જોખમી હોવાથી નગરપાલિક અને પોલીસ તંત્રની ભલામણ આધારે બસ સ્ટેન્ડ પાછળ લાલબાગ મેદાનમાં હંગામી ફટાકડા બજાર ઊભું કરાઈ રહ્યું છે. અને દર વર્ષની માફક આ ફટાકડા બજારમાં દેશભરના રંગબેરંગી અને આકર્ષક ફટાકડાઓ વેચાણ અર્થે મુકવામાં આવી રહ્યા છે. ગત વર્ષ ૨૦૧૯માં ૧૪૩ જેટલી દુકાનોને લાયસન્સ અપાયા હતા. આ વખતે સંભવત



વધુ દુકાનો ઊભી થવાની શકયતાઓ નકારી શકાય નહીં પરંપુ દર વર્ષના અનુભવ આધારે આ ફટાકડા બજારના કારણે ગોધરાવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ લાલબાગ ટેકરી મેદાન અત્યંત ગીચ વિસ્તારમાં આવેલ છે. આ વિસ્તારમાંથી દિવસ-રાત મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહેવાની સાથે અહીં વેપારી સ્થળ હોવાથી જીલ્લાભરમાંથી ખરીદી અર્થે મોટી સંખ્યામાં લોકોની આવનજાવન રહે છે. આવનજાવનના લીધે ટ્રાફિક જામ રહે છે. સાથે સાથે ફટાકડા ખરીદી માટે પણ લોકો પહોંચે છે. આ બન્ને કારણોસર ભારે ભીડ સર્જાઈને કલાકો સુધી વાહનોથી ટ્રાફિક જામ રહે છે. કેટલીવાર પોલીસ સ્ટાફને પણ ટ્રાફિકનું નિયમન કરવા ભારે મુશ્કેલી રહે છે. આ ઉપરાંત ભીડ ભાડ રહેતા ક્યારેક ફટાકડાના તણખલા પડીને કોઈ દુર્ઘટના ઘટે અને કતારબધ ઊભી કરાયેલી ફટાકડા દુકાનો ભડભડ સળગી ઊઠે તેમ હોઈ સુરક્ષા બાબતે અનેક પ્રશ્નાર્થો ઊઠી

- શહેરના મધ્યમાં ભીડભાડ ધરાવતા ગીચ વિસ્તાર છે.
- ગીચ વિસ્તારમાં ટ્રાફિકજામના દ્રશ્યો અને સુરક્ષા સામે પણ અનેક પ્રશ્નાર્થ.
- ગત વર્ષ ૧૪૩ દુકાનોને મંજૂરી અપાઈ હતી.
- સુરક્ષાને લઈને તંત્ર દ્વારા ખુલ્લી જગ્યા કનેલાવ તળાવ પાસે બજાર ઊભુ કરવાની જરૂરી.
- પાલિકા દ્વારા વધુ ભાડુ વસૂલાતા નાના વેપારીઓને પોષાય તેમ નથી.
- આ ફટાકડા બજારમાં ઊંચા ભાવે ફટાકડાની સામ્રગી વેચાતીની બૂમ.

### બગીચા સામે વેપારીઓ અનઅધિકૃત

ગોધરાના બસ સ્ટેન્ડ નજીક એટલે બગીચા સામે છેલ્લા ઘણા વર્ષોથી ફટાકડાનું વેચાણ બારેમાસ થાય છે. આ વિસ્તાર પણ ભારે ભીડભાડવાળો છે. ફટાકડાની આડમાં કેટલાક બિનઅધિકૃત વેચાણ કરે છે. આ વેપારીઓ દ્વારા કાયદા પ્રમાણે લાયસન્સ લેવામાં આવતું નથી. સુરક્ષાની દ્રષ્ટિએ ભારે જોખમી વિસ્તાર છે. ત્યારે લોકોનું કહેવું છે કે આ દુકાનો પણ બંધ કરાવાઈને કનેલાવ તળાવ પાસે લઈ જવામાં આવે. જેનાથી આ વિસ્તારમાં જાનમાલનું નુકશાન અટકી શકે તેમ હોઈ તંત્રએ આ તરફ ધ્યાન દોરવું જરૂરી છે.

રહ્યા છે. દુકાનદારો એટલે લાયસન્સમાં અપાયેલી મંજૂરી પ્રમાણે નિયમો પાળવામાં આવતા નથી. અગ્નિશામક સાધનો પણ હંગામી પ્રમાણે ગોઠવવામાં આવતા નથી. તેના કારણે સુરક્ષા સામે શંકા તકાઈ રહી છે. શહેરમાં બિલડીની ટોપની માફક છેલ્લી ઘડીએ ફટાકડાની દુકાનો ઊભી કરી દેવાય છે તો બીજી તરફ તંત્ર પણ મંજૂરીની અપેક્ષા મુજબનું લાયસન્સ ખાનગીમાં પધરાવી દેવાતા કોઈપણ તપાસ હાથ ધરાતી નથી. આ પાછળ વેપારીઓ અને સ્ટાફની ભૂમિકા સામે અનેક પ્રશ્નાર્થો ઊભી થાય છે. આ ફટાકડાના વેપારીઓ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને કરાઈ રહ્યાના આક્ષેપો ઊઠી રહ્યા છે. પરંતુ દર વર્ષ તંત્ર મૌનધારણ કરીને બેસે છે. આ ફટાકડાના બજારનું ભાડુ સૌથી વધુ હોવાથી નાના વેપારીઓને પોષાય તેમ નથી. આ ઊંચા ભાડાના કારણે વેપારીઓ ફટાકડામાં ઉમેરીને વેચાણ કરતા હોવાથી ગ્રાહકો પણ બૂમો પાડી રહ્યા છે. તેમ છતાં તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતી નથી. આ શહેરની મદયમાં ભીડભાડવાળી અને અસુરક્ષાને લઈને લાલબાગ મેદાનમાંથી શહેરને છેવાડે આવેલ કનેલાવ તળાવની બાજુમાં ખુલ્લી જગ્યા હોવાથી ફટાકડા બજાર ખસેડવાની જાગૃત નાગરિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

# શહેરાના બલુજીના મુવાડા સહિત ગામે શનિવારની રાત્રી વાવાઝોડાને લઈ તૈયાર પાકને નુકશાન



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બલુજીના મુવાડા અને આજુબાજુના ગામમાં શનિવારની રાત્રિએ વાવાઝોડા સાથે આવેલ કમોસમી વરસાદે ખેડૂતોની અનેક આશા પર પાણી ફેરવી દીધું હતુ. ખેતરમાં તૈયાર થયેલ ડાંગરના પાકને નુકશાન જવાની શક્યતા ને લઈને ખેડૂત ચિંતિત છે. જ્યારે આ ગામ સહિત અડીને આવેલા ઊંડારા અને ચારી ગામના ખેડૂતો પણ ખેતી મા ગયેલ નુકશાન માટે સરકાર વહેલી તકે સહાય ચૂકવે તેવી આશા રાખી રહયા છે.

શહેરા તાલુકાના બલુજીના મુવાડા અને આજુબાજુ ગામના ખેડૂતોએ ચોમાસા દરમિયાન પોતાના ખેતરમાં ડાંગર સહિતના અન્ય પાકની ખેતી કરી હતી. શનિવારની રાત્રિએ અચાનક આ ગામ સહિત અન્ય ગામો મા વાવાઝોડા સાથે આવેલા વરસાદ એ ડાંગર સહિતના પાકને નુકશાન પહોંચાડ્યુ હતુ. ખેડૂત ને સવારમા પોતાના ખેતરમાં ડાંગર નો તૈયાર થયેલ પાક ને જમીન દોસ્ત જોવા મળતા ખેડૂતની અનેક આશાઓ ઉપર પાણી ફરી વળ્યુ હતુ. અને ચિંતામાં ગરકાવ થવા સાથે ચહેરા પર ની હસી છીનવાઈ ગઈ હતી. આમિરભાઈ, અર્જુનભાઈ તેમજ અનવર ભાઈ, ભાનુભાઈ સહિતના ખેડૂતોના જણાવ્યા અનુસાર આ ગામ સહિત આજુ બાજુના ગામોમાં ૫૦૦ હેકટર થી વધુ જમીન મા ખેડૂતોએ ડાંગર ની ખેતી કરી હતી. ખેડૂતોને કમોસમી વરસાદ અને પવનના કારણે ડાંગરના પાક માં નુકશાન જશે તેવી શક્યતાઓ છે. નવરાત્રી ના પ્રથમ નોરતા એ ખેડૂતો પર આવી પડેલી કુદરતી આફતને લઈને સરકાર દ્વારા ડાંગર સહિતના પાક ને નુકશાન ની યોગ્ય સહાય વહેલી તકે અહીના ખેડૂતો ને મળે તેવી માંગ પણ કરી રહયા છે. જ્યારે ડાંગરના પાક ને નુકશાન ના કારણે ઘાસ પણ ઓછું થઈ શકે તેવી શકયતાને લઈને પશુપાલકો પણ ચિંતામાં આવી ગયા છે હાલ તો ખેડૂત કુદરત રૂઠતા એક બાદ એક નવી મુસીબત સામે ખેડૂતની સ્થિતિ કફોડી બનતી જઈ રહી છે.

# શહેરાના ઝોઝ ગામ પાસેથી મોડાસા થી હાલોલ તરફ જતી સફેદ પથ્થર ભરેલ ટ્રકને ખાણખનિજ વિભાગે ઝડપી

શહેરા,

શહેરા તાલુકામાં ખાણખનીજ વિભાગે સપાટો બોલાવ્યો હતો. મોડાસાથી હાલોલ તરફ સફેદ સ્ટોન પાઉડર ભરીને જતી એલ પી ટ્રકને ખનીજ વિભાગે ઝોઝ પાટીયા પાસેથી ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત વિગતો અનૂસાર શહેરા પંથકમા ગેરકાયદેસર પથ્થરની હેરાફેરી થવાની વ્યાપક બુમો પડતી રહે છે.ખાણખનીજ વિભાગના અધિકારીને બાતમી મળી હતી કે મોડાસા તરફથી સફેદ રંગનો સ્ટોન પાઉડર ભરીને હાલોલ તરફ જવા નીકળી છે.મળેલ બાતમીના આધારે ખાણખનીજ વિભાગે ટ્રકને શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર ઝોઝ ગામ પાસે ઊભી રખાવી ને તેના ચાલક પાસેથી પાસ પરમીટ માગતા મળી આવી ન હતી.જેથી ખાણખનીજ વિભાગની ટીમ દ્વારા ટ્રકને મામલતદાર કચેરી ખાતે લાવીને તપાસ કરતા ઓવરલોડ ભરેલ હોવાનુ પણ જાણવા મળ્યું હતુ.ખાણખનીજ વિભાગે પાંચ લાખથી વધુ ઉપરાંતનો મૂદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જેને લઈને ખનીજ માફિયાઓ ની અંદર ફફડાટ ફેલાયો હતો.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

### શહેરા તાલુકામાં પથ્થરની ખનિજચોરીની વ્યાપક લોકબુમો

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમા આવેલી જમીન પથરાળ છે.અહીની જમીનમાથી મોટા ભાગે સફેદ પથ્થરો નીકળે છે.જે ખનીજચોરો માટે આર્શિવાદ સમાન બની ગયા છે. આ પહેલા પણ સ્થાનિકતંત્ર દ્વારા ગેરકાયદેસર રીતે પથ્થરો ભરીને જતી ટ્રકો સામે કાર્યવાહી પણ કરવામા આવી છે.ખનીજચોરો રોયલ્ટી ન ભરીને સરકારની તિજોરીને નૂકશાન પહોચાડી રહ્યા છે.ત્યારે તંત્ર પર આવી પથ્થરોની ખનીજચોરી કરનારા સામે સજાગ થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# ગોધરા તાલુકાના બામરોલી ખુર્દ ગામેથી બોલેરો ગાડી માંથી પર હજારનો દારૂનો જથ્થો પોલીસે ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના બામરોલી ખુર્દના ભેખડીયા ખાતે રહેતા ઈસમ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને સગેવગે કરવાની પેરવીમાં હોય તેવી બાતમીના આધારે પોલસી રેડ કરી બોલેરો ગાડીમાંથી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૬૦૦ કિંમત ૫૨,૬૮૦/-રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના બામરોલી ખુર્દના ભેખડીયા ખાતે રહેતા એંદલભાઈ પટેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમી એલ.સી.બી.પોલીસેને મળી હતી. જેના આધાર એલ.સી.બી. પોલીસે રેડ કરતાં બાતમીવાળા સ્થળે બુટલેગરો દુરથી પોલીસની ગાડીની લાઈટ જોઈને વાહનો છોડી નાશી છુટીયા હતા. સ્થળ ઉપરથી પોલીસ બોલેરો ગાડી નંબર જીજે.૧૭૧૭.બીએચ.૩૬૫૬માં તપાસ કરતાં ગાડીમાંથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ-૬૦૦ કિંમત ૫૨,૬૮૦/- રૂપીયાનો દારૂનો જથ્થો કબજે કર્યો હતો. જ્યારે અન્ય મુદામાલ બોલેરો ગાડી બાઈક મળી ૩,૮૨,૬૮૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડયો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ભારત એંદલભાઈ પટેલ વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવમાં પામી છે.



ગોધરાના મહાકાળી મંદિરના માતાજીના બીજ નવરાત્રિ ના દર્શન

# પંચમહાલ જીલ્લામાં આજે ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૬૩૬ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૬ પોઝીટીવ ક્સ નોંધાવા પામ્યા છે. નવા ૦૬ પોઝીટીવ કેસ સાથે પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૩, હાલોલ-૦૩ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ

- ૨૭ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૫૧.
- મૃત્યુ આંક - ૧૧૬.

અત્યાર સુધીનો કુલ આંક ૨૬૩૬ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૬ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

# પંચમહાલની દીકરીઓએ પ્રથમવાર ભરી ગગનચુંબી ગૌરવશાળી ઉડાન



ગોધરા,

ગોધરાની એડયુનોવા શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા NEET અને JEE ની પરીક્ષામાં પંચમહાલમાં સૌથી વધુ પરિણામ મેળવી ગોધરા શહેર અને જીલ્લાને ગૌરવશાળી પ્રતિષ્ઠા અપાવેલ છે.

મેડીકલ અભ્યાસ માટેની એન્ટ્રસ પરીક્ષા NEET માં કુ.ખુશી અનિલભાઈ સોની-૬૪૭ માર્ક પ્રાપ્ત કરી પંચમહાલમાં પ્રથમ ક્રમાંકે અને કુ.આસ્થા ચંદ્રેશકુમાર શર્મા-૬૨૬ માર્ક સાથે પંચમહાલ તૃતીય સ્થાન મેળવેલ છે. ઉપરાંત પ્રિયંકા ગોપલદાસાની, સદર સમરીન, દયાના સોનીએ NEET માં સારા માર્ક મેળવી મેડિકલ અભ્યાસ માટેના પ્રવેશ દ્વારા ખોલેલ છે. એવીજ રીતે JEE મેઈન્સ અને એડવાન્સમાં એડયુનોવા ગોધરાના વિદ્યાર્થીઓ સૌયદ મોહમ્મદ ઝેહાદના ૧૨૯૪૧-AIR પ્યારે પ્રશુન-૨૩૮૩ AIR JEE ADV રેન્ક અને શ્રેષ્ઠ ભકતા JEE મેઈન્સમાં ૯૮ % પર્સન્ટઈલ પ્રાપ્ત કરીને પંચમહાલમાં પ્રથમ સ્થાન મેળવી IIT ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે દ્વાર ખોલેલ છે. આમ ગોધરાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા સમગ્ર પંચમહાલ અને ગોધરાન ગૌરવ અને પ્રતિષ્ઠા અપાવી છે. જ માટઢ હોલી ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કુલ, એડયુનોવા ગોધરા, ગુજરાતના પરિવાર અને સમગ્ર ગોધરા પંચમહાલ દ્વારા અભિનંદન આપતા ગૌરવની લાગણી અનુભવે છે.

# હાલોલના ઉજેતી રોડ ઉપર આવેલ લોહોના સ્ટીલ કંપનીમાં લીકવીડ મેટલથી દાઝી ગયેલ શ્રમજીવીનું મોત

હાલોલ,

હાલોલ તાલુકાના ઉજેતી રોડ ઉપર આવેલ લોહાના સ્ટીલ પ્રા.લીમીટેડ કંપનીમાં કામ કરતો કામદાર ભઠ્ઠીની બાજુમાં ઊભો હતો. તેવામાં લીકવીડ મેટલ ઉછીળીને પડતાં ગંભીર રીતે દાઝી જતાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ઉજેતી રોડ ઉપર આવેલ લોહાના સ્ટ્રીટ પ્રા.લીમીટેડ કંપનીમાં કામ કરતા કામદાર સુરેશભાઈ દીલીપભાઈ ભારતીય ઉ.વ.૨૦ મેગ્નેટ ભઠ્ઠીમાં ગરમ કરવા સ્કેપનો માલ નાખવા જતાં ભઠ્ઠીની બાજુમાં ઊભા હતા. તેવામાં લીકવીડ મેટલમાં બનેલ ગેસનો ગોળા બહાર નીકળતા લીકવીડ મેડલ ઉછળીને બહાર પડતા સુરેશભાઈ ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી.

# હાલોલના જાંબુડી પ્રા.શાળામાં ૬-૭ દિવસ પહેલા ગુમ થયેલ શિક્ષકનો મૃતદેહ પોયલીના જંગલમાંથી મળી આવ્યો

ઘોઘંબા,

અંદેપુરના વતની વેરસિંગભાઈ રાઠવા જે હાલોલ નજીકની જાંબુડી પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. જે ૬/૭ દિવસ પહેલા હાલોલથી અચાનક ગુમ થઈ ગયા હતા. જે પોતાના કુટુંબ સાથે હાલોલ રહેતા હતા. ત્યાંથી જેઓ ઘરેથી શાકભાજી લેવા માટે નીકળ્યા હતા. એમ જાણવા મળેલ છે. ત્યારે તેમના ઘરના સભ્યો દ્વારા પણ તેમને શોધવા માટે તેમનો ફોટો અને મોબાઈલ લખીને વોટ્સએપ, ફેસબુક જેવા સોશિયલ મીડિયા પર મેસેજ વાયરલ કર્યો હતો. ત્યારે શનિવારની વહેલી સવારે પોચલી ગામ નજીકના જંગલની ખીણમાંથી તેમની લાશ ખુબ ખરાબ અને દુર્ગંધ મારતી હાલતમાં મળી આવી હતી. ત્યારે પોચલી ગામના સ્થાનિકો બકરા ચરાવવા માટે જંગલમાં ગયા ત્યારે લાશ જોઈ હતી. ત્યારે ગામના અન્ય લોકો દોડી આવ્યા હતા. જેમાંથી કોઈ વ્યકિત સોશિયલ મીડિયામાં ફોટા વાયરલ કરીને પોલીસ સ્ટેશનમાં આ બાબતની જાણ કરતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.